# નોટબંધીના કારણે ચોરીના હીરા વેચવા ફાંફાં મારતો ચોર પોલીસના હાથે ચઢ્યો

સુરત, તા. ૨૭

નવમી નમેમ્બરથી દેશમાં નોટબંધી શબ્દ સૌથી ચર્ચાસ્પદ રહ્યો છે. નોટબંધીની અસરો અને આડ અસરો કોર્પોરેટ હાઉસિસથી માંડી પાનના ગલ્લાં સુધી ચર્ચાતી આવી છે. નોટબંધીની અસર સામાન્ય જનજીવનની જેમ ગુનાખોરી ઉપર પણ પડી રહી છે. નોટબંધી બાદ શહેરમાં ઊભી થયેલી ચલણની તંગીને લઇ એક રીઢો ઘરફોડિયો પોલીસના હાથે ઝડપાઇ જવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કતારગામમાંથી ચોરેલા પાણો બે લાખ જેટલી કિંમતના હીરા વેચવા બજારમાં ફાંફાં મારતો આ તસ્કર પોલીસની રડારમાં આવી ગયો હતો. અમરેલીનો ભૂપત વડાલિયા દોઢસોથી વધુ ચોરીમાં સંડોવાયેલો હોવાનું જાણવા મળે છે.

૫૦૦ અને ૧૦૦૦ની નોટ સરકાર દ્વારા ચલણમાંથી પાછી ખેંચી લેવાયા બાદ બજારોમાં ઊભી થયેલી સ્થિતિ ઉપર નજર રાખવા પોલીસતંત્ર કામે લાગ્યું છે. નોટબંધીની અસર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉપર ન પડે એની તકેદારી રૂપે પોલીસે બજારો અને બેન્કોની આસપાસ પેટ્રોલિંગ વધારી દીધું છે. ક્રાઇમ બ્રાન્ચની ટીમ પણ આ દિશાની કામગીરીમાં જોતરાઇ હતી.

ક્રાઇમ બ્રાન્ચના સબ ઇન્સ્પેક્ટર ત્રિવેદી તેમની ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં. આ દરમિયાન હેડ કોન્સ્ટેબલ ઇમ્તીયાઝ મન્સૂરી અને યોગેશદાન ગઢવીને મળેલી બાતમીના આધારે કતારગામ નંદુ ડોશીની વાડી પાસેથી રીઢા ઘરફોડિયા ભૂપત કરશન વડાલિયાને ઝડપી લેવાયો હતો. અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના અમરાપરના વતની ભૂપત વડાલિયા છેલ્લા કેટલાક દિવસોથી હીરાબજારમાં રફ હીરા વેચવા માટે ફરી રહ્યો હતો. ખૂબ સસ્તાં ભાવે હીરા મળતાં હોવા છતાં પૈસાની તંગીના કારણે તે માલ વેચી શક્યો ન હતો. મહિધરપુરા અને મિનીબજારમાં માલ ન વેચાતાં તે નંદુડોશીની વાડીમાં પહોંચ્યો અને એની બાતમી પોલીસને મળી ગઇ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ભૂપત વડાલિયા પાસેથી ૧.૭૪.૫૨૧ કિંમતના હીરા મળી આવ્યા હતાં. તપાસ દરમિયાન આ કાચા હીરા તેણે ૧૧મી નવેમ્બરની રાતે જેરામ મોરારની વાડી, સુદર્શન એપાર્ટમેન્ટમાં આવેલા કેતન મણિલાલ શેલડિયાના કારખાનામાંથી ચોરી કર્યા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર બારડોલીના નવાગામમાં રહેતો ભૂપત દોઢસોથી વધુ ચોરી કરી ચૂક્યો છે. હાલ પણ તેણે કતારગામ, વરાછા અને કાપોદ્રા વિસ્તારમાં પાંચેક કારખાનાંઓમાં ચોરી કરી હોવાની કબૂલાત કરી રહ્યો છે. કાપોદ્રામાં સ્નેહમુદ્રા સોસાયટીમાં ત્રણ, મિનીબજારમાં એક તથા નંદુડોશીની વાડીમાં એક કારખાનામાં ચોરીની તેની વાત પોલીસ ક્રોસ ચેક કરી રહી છે.

**અમરેલીનો ભૂપત વડાલિયા ૧૫૦થી વધુ ચોરી કરી ચૂક્યો છે**

**પાંચેક કારખાનાંઓમાં ચોરીનો ભેદ ઉકેલાવાની શક્યતા**

## હીરાના પડીકા કરતાં ચોર માટે દારૂની પોટલી વધુ કીમતી

રીઢો ઘરફોડિયો ભૂપત કરશન વડાલિયા માત્ર દારૂનું વ્યસન સંતોષવા માટે જ ચોરી કરતો હોવાનું પોલીસ સૂત્રોનું કહેવું છે. ભૂપત માટે હીરાના પડીકા કરતાં દારૂની પોટલી વધુ કીમતી છે. તે કારખાનામાં એકલે હાથે ચોરી કરતો આવ્યો છે. ચોરી કર્યા બાદ તે હીરાબજારમાં કાંટીઓ ઉપર ફરે છે. આ માલ વેચવો છે કેટલા આવે ? એવું પૂછતો. કાંટીવાળા પણ તેના હાલહવાલ જોઇ સમજી જતા કે તે ચોર કે ચીટર હશે. કાંટીવાળા તેને હીરાની અડધાથી પણ ઓછી કિંમત જણાવતા. ભૂપત પણ હસતાં મોંઢે ચોરીના હીરા કાંકરા સમજી આપી દેતો. કતારગામમાંથી ચોરેલા પોણા બે લાખના હીરા તે માત્ર ત્રણ હજારમાં વેચવા માંગતો હતો. જો કે નોટબંધીની અસરના કારણે તે આ હીરા વેચી ન શક્યો અને પોલીસના હાથે ઝડપાઇ ગયો હતો.